
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ગુરુજી... હું પામર મનુષ્ય આપનો ઈશારો હવે સમજ્યો... કૃપા કરી મને તમારા ડુંગળી ન ખાવાવાળા ધર્મમાં લઈ લો...!!

# કોંગ્રેસના વિધાનસભા ઘેરાવને પગલે શહેરમાં લોખંડી બંદોબસ્ત

### ૬ એસપી, ૨૫ ડીવાયએસપી, ૪૦ પીઆઈ, ૧૨૫ પીએસઆઈ સહિત ૧૫૦૦ પોલીસ કર્મચારીઓ ખડેપગે તૈનાત રહેશે

ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ દિવસથી બિન સચિવાયલની પરીક્ષા રદ કરવાના મુદ્દે ઉમેદવારો અડીંગો જમાવી બેઠા છે. તો બીજીતરફ સતત બંદોબસ્તમાં રહેલી પોલીસના જવાનોની પણ સોમવારના રોજ કસોટી છે. સોમવારના રોજ થી વિધાનસભાનું સત્ર શરુ થવાનું છે, જેને પગલે કોંગ્રેસ પક્ષ દ્વારા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ આપવામાં આવ્યો છે. કોંગ્રેસ દ્વારા વિવિધ પ્રશ્નોને લઈ સરકારને ઘેરવાના મુડમાં છે. જેને પગલે પોલીસ તંત્ર દ્વારા પણ એકશન પ્લાન તૈયાર કરાયો છે. ગાંધીનગર સહિત અન્ય જિલ્લાની પોલીસ પણ બોલાવાઈ છે. જેમાં શહેરના મુખ્ય એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ, મુખ્ય માર્ગો, અને સ્થળ પર



પોલીસનો લોખંડી પહેરો રહેશે. સોમવારના રોજ શહેરમાં ૬ એસપી, ૨૫ ડીવાયએસપી, ૪૦ પીઆઈ, ૧૨૫ પીએસઆઈ, મહિલા પોલીસ કર્મચારીઓ સહિત ૧૫૦૦ પોલીસ કર્મચારીઓનો ખડકલો ખડકી દેવાયો છે.ત્યારે શહેરના બંદોબસ્ત અને કોંગ્રેસના વિરોધ પ્રદર્શન પર પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ સતત નજર રાખતા રહેશે. ત્યારે શહેરના ઘ-૫ સર્કલ પાસે આવેલા ઓપનએર થિયેટર ખાતેથી સવારે ૯.૩૦ કલાકે કોંગ્રેસ વિધાનસભા ઘેરાવ કરવામાં માટે પ્રસ્થાન કરશે. કોંગ્રેસ કાર્યકરોએ પણ પોતાના કાર્યક્રમને સફળ બનાવવા માટે એકશન પ્લાન તૈયાર કરી દીધો છે. ગાંધીનગર સહિત રાજયભરમાંથી કાર્યકરો મોટીસંખ્યામાં ગાંધીનગર ખાતે આવી પહોંચશે, તો બીજીતરફ કોંગ્રેસની સાથે બિન સચિવાલય રદ કરોના ઉમેદવારો અને ખેડુત મિત્રો પણ મોટીસંખ્યામાં જોડાય તેમ લાગી રહ્યું છે.

## બિન સચિવાલય ઉમેદવારોના સમર્થનમાં સાણંદના એક્ટિવિસ્ટના મંગળવારથી આમરણાંત ઉપવાસ

બિન સચિલાયલ કલાર્ક પરિક્ષામાં ગેરરિતીઓ સામે આવી છે. જેને પગલે ઉમેદવારો પરિક્ષા રદ કરવાની માંગ સાથે ગાંધીનગર શહેરમાં છેલ્લા પાંચ દિવસથી અહિંસક આંદોલન ચલાવી રહ્યા છે. ત્યારે આંદોલનને કોંગ્રેસ પક્ષ સહિત કેટલાક સામાજીક કાર્યકરોએ પણ સમર્થન જાહેર કર્યુ છે. ત્યારે આંદોલનને નવો વેગ મળે તેમ છે. સરકાર દ્વારા પરીક્ષા રદ કરવામાં આવે નહીં ત્યાં સુધી મંગળવારથી સાણંદના એક્ટિવિસ્ટ શૈલેષ ઠકકરે આમરણાંત ઉપવાસ પર ઉતરશે

### ઉમેદવારોના આંદોલન સ્થળે અકસ્માત થતા રહી ગયો

ગાંધીનગર શહેરના ઘ-૪ થી ગ-૪ તરફના માર્ગ પર બુધવારથી બેરીકેટસની આડશ મુકીને પોલીસનો પહેરો ગોઠવી માર્ગ બંધ કરી દેવાયો છે. છેલ્લા પાંચ દિવસથી તે માર્ગ પર ચાલતા જવા માટે છુટ અપાઈ છે. ત્યારે રવિવારના સવારના સુમારે એક ગાડી ઉદ્યોગભવન તરફથી મહાત્મા મંદિર તરફ જઈ રહી હતી. તે સમયે અચાનક ડ્રાઈવરની નજર માર્ગ પર પડી હતી અને તેને કોઈ સુઈ રહ્યાનું લાગતા બ્રેક મારી હતી. કાર ઉમેદવારો સુઈ રહ્યા હતા તેની નજીક આવીને ઉભી રહી ગઈ હતી. કારની બ્રેકના અવાજને પગલે ઉમેદવારો પણ જાગી ગયા હતા. જો કે કાર ચાલકનું ધ્યાન ન ગયું હોત તો ગંભીર અકસ્માત સર્જાયો હોત. કારણકે તે સમયે ૧૫ જેટલા ઉમેદવારો સુઈ રહ્યા હતા. આ બનાવ બાદ ઉમેદવારોએ દોરી બાંધી કપડા સુકવી દીધા છે, અને કોંગ્રેસના કાર્યકરોએ પોતાની ગાડીઓ આડશ માટે ગોઠવી દીધી હતી.

## ગાંધીનગરના વડોદરા ગામમાંથી આઠ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામ ખાતે ગતરાત્રીના સુમારે લાલાજી રતનજી ઠાકોરના ઘરની પાછળના ભાગે સ્ટ્રીટ લાઈટના અજવાળે ખુલ્લામાં જુગાર રમતા ૮ શખ્સોની ડભોડા પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓની અંગ જડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૧,૫૩૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ડભોડા પોલીસને ખાનગી રાહે ચોકકસ બાતમી મળી હતી કે વડોદરા ગામે સુરાજીના માઢ નજીક લાલાજી રતનજી ઠાકોરના ઘરની પાછળ સ્ટ્રીલ લાઈટના અજવાળે કેટલાક શખ્સો પાના પત્તાનો હારજીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે સ્થળ પર જઈને રેઈડ કરતા સ્ટ્રીટ લાઈટના અજવાળે રાત્રીના સમયે બાજી માડીને બેઠેલા રોહિતજી મનુજી ઠાકોર, ભુપતજી મહોબતજી ઠાકોર, લાલાજી રતનજી ઠાકોર, નરેશ રમણજી ઠાકોર, વિષ્ણુજી મણાજી ઠાકોર, શૈલેશ અરવિંદજી ઠાકોર, વિક્રમ હીરાજી ઠાકોર, અર્જુન પ્રતાપજી ઠાકોરને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી રૂ. ૪૫૦ અને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૧૧,૦૮૦ મળી કુલ રૂ.૧૧,૫૩૦ ના મુદ્દામાલ સાથે પકડાઈ જતા પોલીસે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સ્વર્ણિમ પાર્કમાં આંદોલનકારીઓને ગાંધીનગરની સેવાકીય સંસ્થાએ ભોજન-પાણી-ધાબળા સહિતની સેવા પુરી પાડી

ગાંધીનગર, તા. ૮

છેલ્લાં કેટલાંક દિવસથી સમગ્ર રાજયનું ધ્યાન ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પર અટકેલુ છે કેમકે આ બગીચામાં બિન સચિવાલય કલાર્કની પરીક્ષા રદ કરવાની માંગણી સાથે યુવા ઉમેદવારો ધામા નાંખીને લડત ચલાવી રહ્યાં છે. કોઈપણ જાતની આગોતરી તૈયારી વગર આંદોલન માટે આવેલા યુવા ઉમેદવારોને જયારે સરકાર સંતોષકારક ઉકેલ આપી નથી શકી ત્યારે આ ઉમેદવારો ''જયાં સુધી ન્યાય નહી મળે ત્યાં સુધી અહીંથી નહી હટીએ'' જેવી મક્કમતા દર્શાવતા ઠંડીમાં ખુલ્લામાં રાતવાસો કરી રહ્યાં છે. આખો દિવસ ભૂખ્યાં-તરસ્યાં



બેસીને ન્યાયની માંગણીના સુત્રો પોકારતા આ ઉમેદવારોને ગાંધીનગરની સેવાભાવી સંસ્થા અલ્પ હ્યુમન બીઈંગ ચેરિટેબલ ફાઉન્ડેશન દ્વારા માનવતાના ધોરણે ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ચા-નાસ્તો, ભોજન-પાણી વગેરેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સંસ્થાના આ સેવાકાર્ય માટે ગાંધીનગરના સેકટર-૨૧ના સૌરાષ્ટ્ર ફરસાણવાળા જીતેન્દ્રસિંહ દ્વારા આર્થિક સહયોગ સંસ્થાને પુરો પાડવામાં આવ્યો છે. આંદોલનકારી યુવાનો પણ સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનના સ્વર્ણિમ પાર્કમાં સ્વચ્છતાની જાળવણી સાથે સરકારી મિલ્કતને નુકસાન ન પહોંચે અને શાંતિપૂર્ણ આંદોલન ચલાવે તેવી સંસ્થાના પ્રમુખ અલ્પાબા પરમાર દ્વારા વિનંતી કરવામાં આવી રહી છે જેને યુવાનો દ્વારા સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે.

## રાધે સિગ્નેચર ખાતે મંગળવારે એનસીપી કાર્યાલયનો શુભારંભ

ગાંધીનગર મહાનગર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી ના કાર્યાલયનો શુભારંભ તા.૧૦ ડિસેમ્બરને મંગળવારના રોજ સહજાનંદ સીટી સામે રાધે સિગ્નેચર ખાતે બપોરે ૧ કલાકે એનસીપીના પ્રદેશ અધ્યક્ષ શંકરસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવશે. તો આ પ્રસંગે સૌ કાર્યકરોને તેમજ જાહેર જનતાને ઉપસ્થિત રહેવા મહાનગર એનસીપી પ્રમુખ મુકેશ શાહે અનુરોધ કર્યો છે.



### સાઈ ખાતે જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભમાં દિવ્યાંગ ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

સાઈ ખાતે જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ અંતર્ગત વિવિધ એથ્લેટીક રમતોનું આયોજન કરાયું હતું. જેમાં ૩૦૦ થી વધુ દિવ્યાંગ ખેલાડીઓએ ભાગ લીધો હતો. દિવ્યાંગ ખેલાડીઓએ ચક્ર ફેંક, ગોળા ફેંક, બરછી ફેંક, ભાલા ફેંક, લાંબીકુદ, ઉંચી કુદ તેમજ વિવિધ મીટરની દોડમાં ઉત્સાહભેર ખેલદીલી પૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સૌ કોઈએ ખેલાડીઓને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું.

## પ્રજાપતિ સમાજના સમુહલગ્નમાં આવી રહેલા દંપતિને અકસ્માત નડ્યો : એકનું મોત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં આયોજીત પ્રજાપતિ સમાજના સમુહલગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે આવી રહેલા દંપતિને અકસ્માત નડ્યો હતો. મેઉં થી ગાંધીનગર બાઈક પર આવી રહેલા દંપતિને સવારના સુમારે બાપુ કોલેજથી આગળ માર્ગ પર અકસ્માત થયો હતો. ડમ્પર ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારતા દંપતિ દુર ફેકાઈ ગયું હતું. જેમાં બાઈક ચાલક આધેડને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા.જયા સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજયું હતું. જયારે મૃતકના પત્નીને હાથે પગે ઈજા પહોંચી હતી. બનાવ અંગે મૃતકના દિકરાની ફરીયાદ નોંધી પોલીસે ફરાર ડમ્પર ચાલકને પકડવા માટે તજવીજ શરુ કરી છે.

અમદવાદ ચાંદખેડા સી, ૩૦૩ આસ્થા પ્રાઈમ આરાધ્ય હોમ્સની પાસે રહેતા જીગ્નેશ ચંદુભાઈ પ્રજાપતિ પોતાના પરિવાર સાથે રહે છે અને સિમ્સ હોસ્પિટલ ખાતે છેલ્લા સાત વર્ષથી સિનિયર એજ્યુકેટીવ તરીકે ફરજ બજાવે છે. જયારે તેમના માતા-પિતા મેંઉ ખાતે રહે છે અને ખેતીકામ કરે છે. ત્યારે ફરીયાદીના માતાએ બનાવ અંગે જણાવ્યું હતું કે આજે સવારે બાઈક નં.જી.જે.૧૮.એ.એફ.૯૫૮૪ લઈને સવારના સુમારે ગાંધીનગર ખાતે આયોજીત પ્રજાપતિ સમાજના સમુહલગ્નમાં આવી રહ્યા હતા. તે સમયે બાપુ કોલેજથી આગળ માર્ગ પર પાછળથી આવી રહેલા ચાલકે પોતાનું ડમ્પર ગફલતભરી રીતે હંકારી અમોને અડફેટે લીધા હતા. જેથી બાઈક પરથી દંપતિ નીચે માર્ગ પર પટકાયા હતા. જેમાં ચંદુભાઈ પ્રજાપતિને માથાના ભાગે ઈજા થઈ હતી.જયારે તેમના પત્ની દુર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતને પગલે તાત્કાલીક નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને ૧૦૮ ની મદદથી ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.જયાં સારવાર દરમિયાન ચંદુભાઈ પ્રજાપતિનું મૃત્યુ થયું હતું. બનાવ અંગે પ્રજાપતિ સમાજના આગેવાનોને જાણ થતા તેઓ પણ ગાંધીનગર સિવિલ દોડી આવ્યા હતા. જયારે મૃતકના દિકરાએ ફરીયાદ નોંધાવતા પેથાપુર પોલીસે ફરાર ડમ્પર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગુજરાતના કલાગુરૂ રવિશંકરને સલામ! જેઓ દુકાનના પાટીયાથી કલાને શિખરે લઈ ગયા

જેમની કલા બાળપણથી કેળવાયેલી છે તેવા ગુજરાતના કલાગુરૂ રવિશંકર રાવળને યાદ કરીએ ત્યારે એ ચહેરો અને એ કૃતિઓ લાખો કલાકારોના માનસપટલ પર અંકિત થાય છે. પોતાની ૧૨ વર્ષની ઉંમરમાં ચીતરવા માટે ચોટલી કાપીને પીંછી બનાવનાર રવિશંકર આગળ જતાં ગુજરાતમાં આધુનિક કળાના પગરણનું નિમિત્ત બન્યા છે. તેમણે પોતાના હાથ નીચે સક્ષમ ચિત્રકારોની એક

## પિતાને પત્રઃ મને ચિત્રસ્કૂલમાં જવું છે, મંજૂરી નહીં આપો ત્યાં સુધી મારા ઉપવાસ

આખી પેઢી તૈયાર કરી છે. તેમના પિતા મહાશંકર રાવળ હેડ પોસ્ટમાસ્ટર અને બેન્ક મેનેજરના પદ સુધી પહોંચ્યા હતા. તેઓ સરકાર તરફથી રાવ સાહેબનો ખિતાબ પણ પામ્યા હતા. પ્રતિષ્ઠીત પદવી પર નોકરી કરતાં પિતાની અવારનવાર બદલીઓ થતાં રવિશંકર પણ ભાવનગર, પોરબંદર, રાજકોટ અને અમદાવાદ જેવા શહેરોના પરિચયમાં આવ્યા હતા.

## બચપનમાં ચોટી કાપીને પિંછી બનાવી હતી, એન્જીનિયર ન થયાં, કલાકાર બન્યા

**પ્રિન્સિપાલે કહેવું વાક્ય તેમણે જીવનમાં ઉતાર્યું...**

મેટ્રીક પાસ કર્યા પછી રવિશંકરે ચિત્રકળામાં ઉંડો રસ હોવા છતાં પિતાના આગ્રહથી ભાવનગરની કોલેજમાં ભણતર શરૂ કર્યુ

### રવિશંકરને મળેલા માન-સન્માન...

- ૧૯૨૩માં કલકત્તામાં ઉદ્યોગ કલાના પ્રદર્શનમાં દ્વિતીય ઈનામ
- ૧૯૩૦માં રણજીતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો હતો
- ૧૯૪૧માં આર્ટ સોસાયટી ઓફ ઈન્ડાયના પ્રમુખપદે નિમાયા હતા
- ૧૯૪૧માં બોમ્બે પ્રોવિન્સ આર્ટ કોન્ફરન્સના પ્રમુખપદે રહ્યાં હતા
- ૧૯૫૧માં વિયેનાની વિશ્વશાંતિ પરિષદમાં હાજરી આપી હતી
- ૧૯૫૬માં ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ખિતાબ આપ્યો હતો
- ૧૯૬૫– ભારત સરકાર તરફથી રશિયાની મુલાકાતે ગયા હતા
- ૧૯૬૫માં તેમને સોવિયેત લેન્ડ નહેરૂ એવોર્ડથી સન્માનાયા હતા
- ૧૯૭૦માં સેન્ટ્રલ આર્ટ એકેડેમી તરફથી તેમને ફેલોશીપ આપવામાં આવી
- ૯મી ડિસેમ્બર ૧૯૭૭માં કલાગુરૂએ દુનિયામાંથી વિદાય લીધી છે
- લલીત કલા એકેડેમીના મકાનનું નામ 'રવિશંકર રાવલ' આર્ટ ગેલેરી નામાભિધાન

હતું. કોલેજમાં રજતજયંતિની ઉજવણી હતી ત્યારે એક કાર્યક્રમમાં નાટક માટે પડદા ચિતરવાનું કામ રવિશંકરને સોંપવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ અને પ્રેક્ષકોએ રવિશંકરની કલાને ખૂબ વખાણી. ખુદ રવિશંકરે લખ્યું છે કે—સન્માનથી ઉત્તેજીત થઈ મેં મારા પ્રિન્સિપલ સમક્ષ જઈને વંદન કર્યા ત્યારે તેમણે ખભા પર હાથ મૂકી કહ્યું કે – વાય ડુ યુ વેસ્ટ યોર ટાઈમ હિયર, ગો ટુ એન આર્ટ સ્કૂલ એન્ડ સ્ટડી પેઈન્ટીંગ... એમના આ શબ્દોએ મારા મન પર ચોટ કરી. રવિશંકરે ઘરે જઈને પિતાને વાત કરી પરંતુ પિતાએ એન્જીનિયરીંગ માટે આગ્રહ કર્યો અને ચિત્રના અભ્યાસની વાતને હસી કાઢી.

**પિતાજીએ સંમતિ આપી અને સફર શરૂ કરી...**

એક સમયે પિતા સાથે કરાંચી જઈને એકલા પાછા આવેલા રવિશંકરે મુંબઈની જેજે સ્કૂલ ઓફ આર્ટમાં ચિત્રકલાના અભ્યાસ માટે જવાનો દ્રઢ નિર્ધાર કરી લીધો હતો. તેમણે પિતાને એક પત્રમાં લખ્યું – ''મારાથી શક્ય એટલા વિચારો કરી, મારાથી વધુ અનુભવ ધરાવતા બે વડીલોની સલાહ લઈ મેં કોલેજની ટર્મ ભરવાનું છોડી મેં મુંબઈ જઈ ચિત્રકલાનો અભ્યાસ કરવાનો નિર્ણય કર્યો છે. મને ગમે તે સુખ કે દુખ પડશે હું સહન કરી શકીશ. કુંટુંબની સ્થિતિ હું સમજું છું. સ્કૂલની બહુ ફી નથી. હવે આપ આશીર્વાદ સાથે સંમતિ આપો તેની રાહ જોતો હું ઉપવાસ કરી રહ્યો છું. આપનો સંમતિપત્ર આવશે ત્યારે જ જમીશ.'' આખરે રવિશંકરના પત્રના જવાબમાં પિતાએ નામરજી છતાં સંમતિ આપી અને રવિશંકર માટે ચિત્રકળાના અભ્યાસનો માર્ગ ખૂલી ગયો. માત્ર ૧૯ વર્ષની વયે તેઓ વિખ્યાત કલાસ્કૂલમાં દાખલ થયાં અને તેજસ્વી વિદ્યાર્થી તરીકે તેમણે નામના મેળવી હતી. ૧૯૧૬માં તેમને શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકેનો મેયો ચંદ્રક પ્રાપ્ત થયો હતો. બીજા વર્ષે ચિત્ર પ્રદર્શનમાં 'બિલ્વમંગળ'ની ચિત્રકૃતિ માટે તેમણે સુવર્ણ ચંદ્રક મળ્યો હતો.




- ગૌતમ પુરોહિત

**માત્ર ૩૯ વર્ષની વયે દુનિયા છોડી ગયા...**


રવિશંકર રાવળ (૧-૮-૧૮૯૨ : ૯-૧૨-૧૯૭૭) ગુજરાતના ચિત્રકાર, શિક્ષક, કલા વિવેચક, પત્રકાર અને નિંબધકાર હતા. તેમણે ૧૯૨૧ સુધી (પ્રકાશન બંધ થયું ત્યાં સુધી) વીસમી સદી સામયિકમાં કામ કર્યું હતું અને સાહિત્યિક સામયિક કુમારની સ્થાપના કરી હતી. માત્ર ૩૯ વર્ષની વયે જ તેમનું નિધન થયું હતું. તેઓ અમદાવાદમાં અવસાન પામ્યા હતા. વીસમી સદીના મધ્યાંતે જ્યારે ગુજરાતમાં ચિત્રકારની જાણ માત્ર દુકાનોના પાટિયા લખતા ચિતારા તરીકે હતી ત્યારે કલાને પુનઃપ્રતિષ્ઠાન કરવાનું માન રવિશંકર રાવળને ફાળે જાય છે. ૧૯૩૩માં કવિસમ્રાટ બ.ક.ઠાકોરે ચિત્રકલાને કવિતાની માજણી બેનડી કહી, ૧૯૩૬માં ગાંધીજીએ કહ્યું, ×મારી છાતી તેમના ચિત્રો જોઈ ઊછળી×, આગળ જતાં કાકા કાલેલકરે તેમને ગુજરાતના કલાગુરુના સ્થાને બિરદાવ્યા અને ભારત સરકારે તેમનું પદ્મશ્રીથી બહુમાન કર્યું.

**ભાવનગરમાં ઔદીચ્ય બ્રાહ્મણ પરિવારમાં જન્મ...**

૧૭૨૩ માં ભાવનગરના તોરણ બંધાયા ત્યારથી વસેલા ઔદીચ્ય બ્રાહ્મણ પરિવારમાં તેમનો જન્મ થયો. આપમેળે આગળ વધેલા પિતા રાવ સાહેબ મહાશંકર રાવળ સૌરાષ્ટ્રની એક માત્ર બેંક ''ભાવનગર દરબાર બેંક''ના પ્રણેતા હતા, તેમને કલાના સ્રોત રવિભાઈને તેમના બા (માતાજી) માણેકબા પાસેથી મળ્યાં. ૧૯૦૯માં તેમના લગ્ન શિવશંકર ત્રવાડીના પુત્રી રમાબેન સાથે થયા. ×વીસમી સદી×ના અધિષ્ઠાતા હાજીમહમદ અલારખિયા શિવજી પાસેથી તેમને મૈત્રી અને કલાના પુનરુત્થાનની પ્રેરણા મળ્યાં. રવિભાઈએ એક સિદ્ધહસ્ત ચિત્રકાર, કલામિમાંસક, કલાશિક્ષક, પત્રકાર અને વિચારક તરીકે ગુજરાતને વારસો આપ્યો છે. જેમાં ×કુમાર× માસિક, કનુ દેસાઈ, રસિકલાલ પરીખ, સોમાલાલ શાહ, છગંનલાલ જાદવ, સી નરેન વગેરે તેમના હાથ નીચે કલાનું શિક્ષણ પામેલા, મશહૂર બનેલા ચિત્રકારો, કલાચિત્રોનો સંગ્રહ, ફોટોગ્રાફી અને છાપકામ કલાની શરૂઆત મુખ્ય છે.

**કલાકારો માટે ઘરઆંગણે ગુરૂકુલ બનાવી...**

એ સમયે મુંબઈમાં યુરોપના ધોરણે અને બંગાળમાં નૂતન કલાના અભ્યુદયના દર્શન કરાવતી કલાને વિકસાવવાનું કામ અવનિન્દ્રનાથ ટાગોરે કર્યું હતું ત્યારે ગુજરાતમાં કલા પ્રવૃત્તિ માટે કલાકાર એ સમાજનું મહત્વનું અંગ છે. કલા એ જીવનને પોષક છે એવું સ્થાપિત કરવા માટે અને ગુજરાતના લોકોને કલા પ્રવૃત્તિમાં રસ લેતા કરવા રવિશંકર રાવળે ૧૯૧૯માં પોતાના ઘરઆંગણે ગુરૂકુલ શરૂ કરી



કલાશિક્ષણ આપવાનું મહત્વનું કાર્ય કર્યું હતું. તેમણે ત્યારપછી ૧૯૩૫માં ગુજરાત કલાસંઘની સ્થાપના કરી હતી. ભારતીય કલાની કૃતિઓ ઘેર ઘેર પહોંચે તે માટે તેમણે ૧૯૨૪માં કુમાર માસિકનું નિર્માણ કર્યું હતું જે કલાકારો માટેની સાચી ઓળખ આપતું રહ્યું છે.

**સાહિત્યનો સર્વોચ્ચ પુરસ્કાર મળ્યો હતો...**

રવિશંકર રાવળે 'કુમાર' ઉપરાંત અન્ય સામાયિકોમાં કલા વિશેના અનેક લેખો લખ્યા હતા. આ ઉપરાંત કલા વિશે સ્વતંત્ર પુસ્તકો પણ લખ્યાં છે. જેમાં 'અજંતાના કાલમંડપો', 'કલાચિંતન', 'કલાકારની

## મહાત્મા ગાંધીજીએ એક સમયે કહ્યું હતું- મારી છાતી તેમના ચિત્રો જોઈ ઊછળે છે

સંસ્કારયાત્રા' અને 'આત્મકથાનક' જેવાં પુસ્તકોનો સમાવેશ થાય છે. તેઓએ 'ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી'ના વાઈસ ચેરમેનના પદને શોભાવ્યું હતું. કલાક્ષેત્રના ધુરંધર એવા રવિશંકરજીને ૧૯૩૦ના વર્ષમાં સાહિત્યક્ષેત્રનો સર્વોચ્ચ પુરસ્કાર 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો. ૧૯૬૬ના વર્ષમાં રવિશંકરને ભારત સરકાર તરફથી પદ્મશ્રીનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

**એમના પ્રવાસ પુસ્તકો પણ અદ્દભૂત છે...**

બાળકો માટેના સામાયિક 'ચાંદાપોળી', પ્રસિધ્ધ પુસ્તકો 'કૈલાસમાં રાત્રિ', 'હેમચંદ્રાચાર્ય', 'અખો' તેમ જ 'કનૈયાલાલ મુનશીની પાત્રસૃષ્ટિ'ના ચિત્રો કલાગુરુ રવિશંકર રાવળની ચિત્રકલાના નોંધપાત્ર નમૂનાઓ છે. જાપાન અને ઉત્તરભારત તથા કુલુમનાલીની કલાયાત્રાનું વર્ણન કરતું 'કલાકારની સંસારયાત્રા' (૧૯૪૭) તથા વિયેના અને મોસ્કોની વિશ્વશાંતિ પરિષદ નિમિત્તે કરેલી વિદેશયાત્રાના અનુભવો નિરૂપતું 'મેં દીઠાં નવાં માનવી' (૧૯૫૬) એમનાં પ્રવાસપુસ્તકો છે. ગુજરાતી કલા અને સંસ્કૃતિની વિકાસરેખા નિરૂપતી એમની આત્મકથા 'આત્મકથાનક' (૧૯૬૭) પણ નોંધપાત્ર છે. એમણે અવનીન્દ્રનાથ, જમનબાબુ, બુરાકામી અને કાર્ટૂનિસ્ટ શંકર જેવા કલાવિદો વિશેના ચરિત્રલેખોનો સંગ્રહ 'કલાકારની કલમે' (૧૯૫૬) અને 'ભારતની સંસ્કૃતિના પૂજક જેમ્સ કઝીન્સ' (૧૯૫૯) જેવાં પુસ્તકો આપ્યાં છે.

રવિશંકરે 'અજંતાના કલામંડપો' (૧૯૩૬) 'કલાચિંતન' (૧૯૪૭) 'સોળ સુંદર ચિત્રો' (૧૯૨૫) જેવાં કલા વિવેચનો પણ આપ્યાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદના કરાંચીમાં મળેલા અધિવેશનમાં કલા વિભાગના પ્રમુખ તરીકે આપેલું વ્યાખ્યાન 'ચિત્રસૃષ્ટિ' (૧૯૩૭), મુનશી ષષ્ઠિપૂર્તિ નિમિત્તે દોરેલાં તેમની કથાસૃષ્ટિનાં પાત્રોનાં કાલ્પનિક રંગીન ચિત્રો 'ક.મા.મુનશીની પાત્રસૃષ્ટિ' (૧૯૫૩), ચરોતર ચિત્રશિક્ષક સંઘ અયોજિત વિદ્યાર્થી ચિત્રપ્રદર્શનના ઉદઘાટન નિમિત્તે કરેલ પ્રવચન 'ચિત્રશિક્ષા' (૧૯૩૯) તેમનું અદ્વિતિય પ્રકીર્ણ પ્રદાન છે.

### રવિશંકરની મૂખ્ય કૃતિઓ...

- **કલા** – અજંતાના કલામંડપો, કલાચિંતન, ભારતીય ચિત્રાંકન, ચિત્રકલા સોપાન
- **આત્મકથા** – આત્મકથાનક, ગુજરાતમાં કલાના પગરણ
- **બાળ સાહિત્ય** – અજવાળી રાત
- **પ્રવાસ વર્ણન** – કલાકારની સંસ્કાર યાત્રા, દીઠાં મેં નવાં માનવી
- **ચરિત્ર** – હાજી મહંમદ સ્મારક ગ્રંથ